ખાસ અગત્યનું

જા.નં.એનજીઓ ઓફિસ/કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ/અમલીકરણ/158/175/ ૧૭
બીજો માળ, સ્ટેટ એનજીઓ ઓફિસ,
કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને ત.સંશોધન (આ.વિ.)
બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૬/૨૦૧૭

પ્રતિ,
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
અરવલ્લી,બનાસકાંઠા,ભરૂચ, છોટા ઉદેપુર,
દાહોદ, મહિસાગર, નર્મદા, પંચમહાલ, પાટણ,
સાબરકાંઠા અને સુરેન્દ્રનગર.

વિષયઃ- "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમના અમલીકરણ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે રાજયના હાઇ પ્રાયોરીટી તાલુકાઓમાં "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" ના કાર્યક્રમની પ્રવુત્તિઓ માટે તાલીમાર્થીઓ તૈયાર કરવા માટે તા.૧૬ તથા ૧૭ ફેબ્રુઆરી -૨૦૧૭ ના રોજ વડોદરા ઝોન અને તા.૧૬ તથા ૧૭ માર્ચ-૨૦૧૭ ના રોજ ગાંધીનગર અને અમદાવાદ ઝોનના જિલ્લાઓના હાઇ પ્રાયોરીટી તાલુકાઓના ટી.એચ.ઓ.શ્રી અને હાઇ પ્રાયોરીટી તાલુકા સંબંધિત જિલ્લાના ડી.પી.સી. અને ડેટા આસીસ્ટન્ટ (એ.આર.સી.) ને તાલીમ આપવામાં આવેલ.

"કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" ના કાર્યક્રમની પ્રવુત્તિઓનું અમલીકરણ હાઇ પ્રાયોરીટી તાલુકાના તમામ પેટા આરોગ્ય કેન્દ્રના ગામની (માત્ર હેડકવાર્ટર ગામ) ની ગ્રામ સંજીવની સમિતિ દ્વારા કરવાનું થાય છે, એટલે કે હાઇ પ્રાયોરીટી તાલુકામાં જેટલાં પેટા આ.કેન્દ્ર હોય તે પેટા આ.કેન્દ્રના ગામની ગ્રામ સંજીવની સમિતિ દ્વારા આ કાર્યક્રમની પ્રવુત્તિઓ કરવામાં આવશે, જે માટેની માર્ગદર્શિકા આ સાથે બિડાણમાં સામેલ રાખેલ છે.

આપેલ માર્ગદર્શિકા મુજબ કામગીરી કરી તેનું અત્રેની શાખાને બિડાણમાં સામેલ પત્રકમાં નિયમિત રિપોર્ટીગ કરવાનું રહેશે. જિલ્લા કક્ષાએ આર.સી.એચ.ઓ.શ્રી , તાલુકા કક્ષાએ તાલુકા હેલ્થ ઓફિસરશ્રી અને પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ તબીબી અધિકારીશ્રી આ કાર્યક્રમના નોડલ અધિકારી તરીકે કામગીરી કરશે.

12.6.17

અધિક નિયામક (પ.ક.)
આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર

નકલ રવાના જાણ વ મોનીટરીંગ સારૂ;

- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ,વડોદરા, અમદાવાદ અને ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ;

- પી.એસ.ટુ કમિશ્નરશ્રી (આ.), આરોગ્ય અને તબીબી સેવાઓ,ગાંધીનગર
- પી.એસ.ટુ કમિશ્નરશ્રી (આ.), આરોગ્ય અને તબીબી સેવાઓ,ગાંધીનગર
- અધિક નિયામકશ્રી (આરોગ્ય), આરોગ્ય અને તબીબી સેવાઓ,ગાંધીનગર
- સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, સિવિલ હોસ્પિટલ,ગાંધીનગર.